# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-12-2024 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## રાજ્ય-પેયજળ સમસ્યા:

રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં પેયજળને લગતી સમસ્યાને ત્વરાએ નિકાલ લાવવા પાણી પૂરવઠા વિભાગ દ્વારા 1916 ટૉલ ફ્રી નંબર અને www.watersupply.gujarat.gov.in વેબસાઈટ અમલી બનાવવામાં આવી છે.

રાજ્યમાં વર્ષ 2018થી ચોવીસ કલાક હેલ્પલાઈન સેન્ટર કાર્યરત્ કરાયું છે. આ સેન્ટર અને વેબસાઈટ ઉપર અત્યાર સુધી એક લાખ 82 હજાર 464 રજૂઆત નોંધાઈ છે, જે પૈકી એક લાખ 82 હજાર 331 રજૂઆતોનો ઉકેલ અને નિકાલ કરાયો છે.

-----------------------------------------------------------------------------------

## રાજ્ય સરકાર-જમીન રિ-સર્વે:

રાજ્ય સરકારે જમીન રિ-સર્વેને લઇને મહત્ત્વનો નિર્ણય લીધો છે. રિ-સર્વે રેકોર્ડ પ્રમોલગેશન બાદ માલુમ પડતી ક્ષતિઓ સુધારવા માટે વાંધા અરજી રજૂ કરવાની સમય મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. આજે પૂર્ણ થતી મુદતમાં વધારો કરીને હવે ૩૧-૧૨-૨૦૨૫ સુધી અરજી કરી શકાશે.

રાજ્યના 33 જિલ્લામાં આ કામગીરી હાથ ધરવામાં આવી છે , ત્યારે મુદ્દત દરમિયાન ક્ષતિ સામે વાંધા અરજી કરવાની બાકી રહી ગઇ હોય તો તે વા ખેડુતો અરજી કરી શકશે. જેને લઇને રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે.

-----------------------------------------------------------------------------------

## કચ્છ-પોલીસ વાહન ચેકીંગ:

31 ડિસેમ્બરની ઉજવણી અંતર્ગત કેફીપીણાંનું સેવન તથા વેંચાણ થતું અટકાવવા કચ્છમાં પણ પોલીસ વિભાગ દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં ટ્રાફિક અને સ્થાનિક પોલીસ દ્વારા જાહેર માર્ગો ઉપર ખાસ વાહન ચેકીંગ ડ્રાઇવ યોજાઈ રહી છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે સી ટીમની મહિલા પોલીસ કર્મચારીઓ દ્વારા પણ જાહેર સ્થળો, બાગ-બગીચા સહિતના સ્થળે તકેદારીના ભાગરૂપે તપાસ કરાઈ રહી છે.

દરમ્યાન, કચ્છના પ્રવેશદ્વાર સમાન આડેસર અને સૂરજબારી ચેકપોસ્ટ પર પૂર્વ કચ્છ પોલીસ દ્વારા સઘન વાહન ચેકિંગ કામગીરી અવિરત ચાલુ રાખવામાં આવી છે.

---

## કચ્છ-પ્રવાસીઓનો ધસારો:

કચ્છમાં હાલ રણોત્સવ ચાલી રહ્યો છે, દેશ-વિદેશના પ્રવાસીઓ સફેદ રણની મુલાકાત લઈ રહ્યા છે. ત્યારે સફેદ રણ ઉપરાંત કાળો ડુંગર , રોડ ટુ હેવન ધોળાવીરા , માંડવી બીચ, ભુજનું સ્મૃતિવન, પ્રાગમહેલ સહિત પ્રવાસન સ્થળો તેમજ નારાયણ સરોવર , કોટેશ્વર, માતાના મઢ સહિતના યાત્રાધામોમાં પણ પ્રવાસીઓ જોવા મળી રહ્યા છે. તે જોતાં આ વખતે સ્થાનિક નાના- મોટા ધંધાર્થી હસ્તકલાના કારીગરો , હોટલ- રિસોર્ટ, વિવિધ સમાજોની વાડીઓ , ગેસ્ટ હાઉસ, ટ્રાન્સપોર્ટેશનના વ્યવસાયકારોથી લઈને ગાઈડ સહિત ના લોકોને લાભ થઈ રહ્યો છે. સફેદ રણમાં નવા વર્ષને આવકારવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટ્યા છે. જેને ધ્યાને લઈને ધોરડો ખાતે નવા વર્ષને આવકારવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

---

## વન વિભાગ-વરૂ વસ્તી ગણતરી:

તાજેતરમાં વન વિભાગ અને ગીર ફાઉન્ડેશન દ્વારા મહત્વની પહેલ કરવામાં આવી છે. જેના પરિણામે વન વિભાગ દ્વારા વર્ષ 2023માં રાજ્યમાં વરૂ વસતી ગણતરી કરવામાં આવી હતી. જેમાં

રાજ્યના 13 જીલ્લામાં અંદાજે 222 વરૂ નોંધાયા છે. જેમાં સૌથી વધુ 80 વરૂ ભાવનગરમાં નોંધાયા છે. જયારે કચ્છમાં 9 વરૂ જોવા મળ્યા છે.

ઉલ્લેખનીય છે કે કચ્છમાં અનેક દુર્લભ પ્રજાતીના પશુઓ અને પક્ષીઓ વસવાટ કરે છે. નાના અને મોટા રણને ભારતીય વરૂ માટે મહત્વના નિવાસ સ્થાનો તરીકે ઓળખવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------------------

## જખૌ-શ્વાન સારવાર કેમ્પ:

પ્રાચીન તીર્થધામ નારાયણ સરોવરમાં સોમવતી અમાસના પવિત્ર સરોવર કિનારે ભાવિકોએ ઠંડીમાં પણ સ્નાન કર્યું હતું તેમજ પૂજા પાઠ કરીને દાનપુણ્ય કર્યું હતું. સંધ્યા સમયે નારાયણ સરોવર જાગીરના અધ્યક્ષ સોનલ લાલજી મહારાજે સરોવર કિનારે મહાઆરતી કરી હતી જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. સોમવતી અમાસને સ્નાન અને દાન માટે વિશેષ શુભ માનવામાં આવે છે તેથી મોટી સંખ્યામાં ભાવિકો સરોવરમાં સ્નાન કરે છે.

---------------------------------------------------------------------------------------------

## હવામાન

વર્ષ 2024નો આજે અંતિમ દિવ છે. વર્ષના છેલ્લા દિવસે કચ્છમાં વાતાવરણ ઠંડુગાર બની રહ્યુ હતું. પશ્ચિમ કચ્છના અબડાસાથી માંડી પુર્વ કચ્છના સુરજબારી સુધી ઠાર યથાવત રહ્યો હતો. રાજ્યના સૌથી શીત મથક નલિયામાં આજનું લઘુત્તમ તાપમાન 6 ડિગ્રી નોંધાયુ હતું,જયારે ભુજનું લઘુત્તમ તાપમાન 10.2 ડિગ્રી જયારે કંડલાનું લઘુત્તમ તાપમાન 13 ડિગ્રી નોંધાયુ હતુ. આગામી સપ્તાહ સુધી ઠંડી યથાવત રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જીલ્લામાં હાડ થીજાવતી ઠંડીના પગલે જનજીવન પ્રભાવીત થયુ છે.

---------------------------------------------------------------------------------------------

## કોડાય-ખેલ મહોત્સવ

માંડવી તાલુકાના કોડાય ખાતે ત્રણ દિવસીય ખેલ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યુ હતું. આ મહોત્સવમાં ભાગ લેવા મુંબઈથી 500 યુવક-યુવતીઓ જોડાયા વતનમાં આવી પહોંચ્યા હતા અને ત્રિદિવસીય ખેલ મહોત્સવમાં 27 જેટલી અલગ અલગ રમતો રમીને જીમ

વિના ફીટ એન્ડ ફાઈનનું સુત્ર સાર્થક કરાયુ હતું. કોડાય સ્પોર્ટસ ક્લબ આયોજીત ખેલ મહોત્સવનો મુખ્ય ઉદેશ્ય યુવાનો કચ્છ પ્રત્યે આકર્ષાય તેમજ કચ્છની સંસ્કૃતિનું જતન કરે તે હતો.

---